# ચાલીસ હદીષો

بسم الله الرحمن الرحيم

نحمده ونصلي على رسوله الكريم وآله واصحابه اجمعين

રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, મારી ઉમ્મતનો જે માણસ દીનની ચાલીસ હદીષો યાદ કરશે તેને ઉલમાના ટોળામાં સામેલ લખવામાં આવશે અને શહીદોની જમાઅતમાં ઉઠાવવામાં આવશે અને હું કયામતના દિવસે એની શફાઅત કરીશ અને ગવાહ રહીશ. અને એને કહેવામાં આવશે કે તુ જન્નતના જે દરવાજાથી ચાહે દાખલ થા.

મુસલમાન ભાઈઓ અને બહેનોની ખિદમતમાં આ ચાલીસ હદીષો એ ઉમ્મીદથી જાહેર કરી રહ્યા છીએ કે અલ્લાહ તઆલા અમારા ગુનાહોને માફ કરે અને દીની દુન્યવી નેઅમતોથી માલામાલ કરે, કયામતના દિવસે હુઝૂર પૂરનૂર રસૂલે અરબી મદની صلی اللہ تعالیٰ علیہ وسلم ની શફાઅત અને મહેરબાનીઓ અતા કરે. આમીન, ષુમ્મ આમીન. અને





મુસલમાનોને એ હદીષો યાદ કરવાની તૌફીકે રફીક અતા કરે. અને એમનામાં એવી જમાઅત પૈદા કરે કે આ રિસાલાને છપાવીને મુસલમાનોમાં વહેંચીને બંને જહાનના ફાયદા હાંસલ કરે અને આફતો તથા મુસીબતોથી સલામત રહે.

**(૧) હદીષ** :– હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, ઈસ્લામ પાંચ ચીજો પર બનાવવામાં આવ્યો છે. પહેલી કે અલ્લાહ તઆલા સિવાય કોઈ ઈબાદતના લાયક નથી એવી ગવાહી આપવી અને એ કે મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم એના બંદા અને રસૂલ છે. બીજી નમાઝ કાયમ કરવી, ત્રીજી ઝકાત આપવી, ચોથી હજ્જ, પાંચમી રમઝાનના રોઝા રાખવા, આ હદીષથી સાબિત થયું કે આ પાંચે વસ્તુ દીનના અરકાન છે. *(બુખારી, મુસ્લિમ)*

**(૨) હદીષ** :– હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, તમારામાંથી કોઈ સંપૂર્ણ મોમિન નથી થતું જ્યાં સુધી કે હું એના બાપ બેટા અને બધા લોકોથી વધારે મહેબૂબ ન હોઉં. આ





હદીષથી સાબિત થયું કે સંપૂર્ણ મોમિન એ છે કે દરેક વસ્તુ અને દરેક માણસથી વધારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી મહોબ્બત રાખે. *(બુખારી, મુસ્લિમ)*

**(3) હદીષ** :– હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જેમાં ત્રણ આદતો હોય એ એનાથી ઈમાનની મીઠાશ મેળવે છે. પહેલી એ કે એને અલ્લાહ અને રસૂલ બધી વસ્તુઓથી વધારે મહબૂબ હોય, બીજી એ કે જ્યારે કોઈ બંદાથી મહોબ્બત કરે તો માત્ર અલ્લાહની રઝાને ખાતર મહોબ્બત કરે, ત્રીજી એ કે જે માણસ કુફ્રની તરફ પલટવાને ત્યાર પછી કે અલ્લાહે એને (કુફ્રથી) છૂટકારો આપ્યો, એટલુ બુરુ જાણે કે જેટલુ આગમાં નાખી દેવામાં આવે તેને બુરુ જાણે છે. *(બુખારી, મુસ્લિમ)*

**(૪) હદીષ** :– હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, એ જાતે પાકની કસમ ! જેની કુદરતના તાબામાં મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની જાન છે, આ ઉમ્મતનો કોઈ યહૂદી અને નસરાની એવો નથી જેને મારી ખબર મળે અને પછી એ મારા મઝહબ પર ઈમાન લાવ્યા વગર મૃત્યુ પામે પણ





એ જહન્નમીયોમાંથી હશે !

આ હદીષથી જણાયું કે હુઝૂરનો મઝહબ પહેલા મઝહબોને મન્સૂખ કરનારો છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઝમાનાએ અકદસના પછી જે આપના પર ઈમાન લાવ્યા વગર મૃત્યુ પામે તો એ હમેશાંના માટે જહન્નમી છે. મઝહબે મૂસવી અને ઈસવી પર હોવું હવે એને ફાયદો નહીં આપે. *(મુસ્લિમ)*

**(૫) હદીષ** :– હઝરત જાબિર رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે માણસ રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ની ફર્માંબરદારી કરે તેણે અલ્લાહ તઆલાની ફર્માંબરદારી કરી અને જે મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની નાફર્માની કરે, એણે અલ્લાહ તઆલાની નાફર્માની કરી. અને મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم લોકોમાં ફર્ક કરવાવાળા છે.

એટલે કે કાફિર તથા મુસલમાન અને નાફર્માન તથા ફર્માંબરદારમાં આ રીતે ફર્ક પડે છે કે જે આપને સમર્થન કરે તે મોમિન અને જે ન સ્વીકારે તે કાફિર અને જે આપના ઈર્શાદના મુતાબિક અમલ કરે તે ફર્માંબરદાર અને જે એના

વિરૂધ્ધ કરે તે નાફર્માન. *(બુખારી)*

**(૬) હદીષ** :– હઝરત જાબિર رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મને શફાઅત અતા કરવામાં આવી છે. અન્ય નબી ખાસ પોતાની કૌમના માટે પૈદા થતા હતા અને હું બધા લોકો માટે પૈદા કરવામાં આવ્યો.

આ હદીષથી જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈજ્જત આમ છે, અને આખી દુનિયા હુઝૂરની ઉમ્મતી છે. *(મુસ્લિમ, બુખારી)*

**(૭) હદીષ** :– હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, હું કયામતના દિવસે જન્નતના દરવાજા પર આવી દરવાજો ખોલવાનો હુકમ કરીશ. ખાઝિન કહેશે, તમે કોણ છો ? હું કહીશ, ''મુહમ્મદ !'' એ કહેશે, આપના માટે જ મને હુકમ દેવામાં આવ્યો છે કે આપનાથી પહેલાં કોઈના માટે ન ખોલું.

આ હદીષથી જણાયું કે હુઝૂર સર્વ આલમમાં બધાથી શ્રેષ્ઠ છે અને ખાસ હુઝૂરના માટે છે, બીજાઓને હુઝૂરના સદકામાં નસીબ થશે, ઈન્શાઅલ્લાહો તઆલા. *(મુસ્લિમ)*





**(૮) હદીષ** :– હઝરત અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہ થી મરવી છે કે આપે ફર્માવ્યું કે, હું મક્કા મુકર્રમામાં નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે હતો. અમે મક્કા શરીફના અમુક આજુબાજુના વિસ્તારમાં નીકળ્યા તો જે પહાડીઓ ઝાડો સામે આવતાં હતાં તે કહેતાં હતાં, ''અસ્સલામુ અલૈકુમ યા રસૂલલ્લાહ !'' *(તિર્મિઝી)*

**(૯) હદીષ** :– અમ્ર ઈબ્ને અખતબ અન્સારીથી મરવી છે કે એમણે કહ્યું કે હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક ફજરની નમાઝમાં અમારી ઈમામત ફર્માવી અને મિમ્બર શરીફ પર જલ્વાઅફરોઝ થઈ ઝોહર સુધી બયાન કર્યું. પછી ઉતરી નમાઝ પઢી. ફરી મિમ્બર શરીફ પર જલ્વાઅફરોઝ થઈ અસર સુધી બયાન કર્યું, પછી નમાઝ પઢી. પાછા મિમ્બર પર જલ્વાનુમા થઈ સૂરજ આથમતા સુધી બયાન કર્યું તો કિયામત સુધી જે થવાનું છે એ બધાની અમને ખબર આપી. રાવીએ કહ્યું, અમારામાં વધારે ઈલ્મવાળો એ માણસ છે જે વધારે યાદ રાખવાવાળો છે.

આ હદીષ શરીફથી જણાયું કે હુઝૂર સૈયદે આલમ





صلی اللہ تعالیٰ علیہ وسلم એ કયામત સુધી બનનાર તમામ બનાવો આખા દિવસમાં કહી આપ્યા. એમાં હુઝૂરના બે મો'જિઝો છે, એક કયામત સુધી થવાવાળી દરેક ચીજનો ઈલ્મ, બીજું એ કે એ સર્વેને માત્ર એક જ દિવસમાં બયાન ફર્માવી દેવું. *(મુસ્લિમ)*

**(૧૦) હદીષ** :– ઝકવાનથી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم નો પડછાયો ન સૂર્ય હેઠળ દેખાતો હતો ન ચંદ્રમાં અને ન કઝાએ હાજતની કોઈ અસર જોવામાં આવી.

એટલે કે ફઝલા ન જોવામાં આવી સિવાય કે ખૂશ્બુ. *(મનાહિલુસ્સફા–૭)*

**(૧૧) હદીષ** :– હઝરત આઈશા رضی اللہ عنہا એ રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم થી રિવાયત કરી કે હુઝૂરે ફર્માવ્યું, મારી પાસે જિબ્રઈલ હાજર થયા અને કહ્યું કે જમીનમાં પૂર્વ અને પશ્ચિમ ઉલ્ટી નાખ્યા કોઈ માણસ હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم થી બેહતર નથી જોયો, અને ન કોઈ કબીલાને કબીલા બની હાશિમથી બેહતર જોયો.

એટલે કે હુઝૂરની જાત તમામ આલમમાં દરેકથી અફઝલ છે અને હુઝૂરનો કબીલો દરેક કબીલાથી અફઝલ.





*(શિફા શરીફ, પેજ–૧૩૨)*

**(૧૨) હદીષ** :– હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે અરબવાવાળાઓને ત્રણ કારણથી મેહબૂબ રાખો, એક એટલા માટે કે હુ અરબી છું, બીજુ કે કુર્આન શરીફ અરબી છે, ત્રીજુ એ કે જન્નતીઓની ભાષા અરબી છે. *(બૈહકી, શોઅબુલ ઈમાન)*

**(૧૩) હદીષ** :– હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, પૈરવી કરો વધારે (મોટી) જમાઅતની, બેશક ! જે (મોટી) જમાઅતથી જુદો થયો તેને દોઝખમાં નાખવામાં આવશે. *(ઈબ્ને માજહ)*

**(૧૪) હદીષ** :– હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે માણસ ઈલ્મ મેળવવાના માટે નીકળે એ ખુદાની રાહમાં છે જ્યાં સુધી પાછો આવી જાય. *(તિર્મિઝી)*

આ હદીષથી ઈલ્મ મેળવવાની ફઝીલત જણાય છે કે ઈલ્મ મેળવનાર જ્યારે પોતાના મકાન પર પાછો આવે

એ સમય સુધી એને મુજાહિદની જેમ ખુદાની રાહમાં હોવાનો સવાબ મળતો રહે છે.

**(૧૫) હદીષ** :– હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી મરવી છે કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ રીતે દુઆ કરી, યા રબ ! અમારા માટે અમારા મુલ્કે શામમાં બરકત કર ! યા રબ ! અમારા માટે અમારા યમનમાં બરકત કર ! લોકોએ કહ્યું, યા રસૂલલ્લાહ ! અને અમારા નજદમાં ? એના પર કહ્યું, યા રબ અમારા શામમાં બરકત કર ! યા રબ ! અમારા માટે અમારા યમનમાં બરકત કર ! લોકોએ કહ્યું, યા રસૂલલ્લાહ અને નજદમાં ! રાવીનો કૌલ છે કે મારું ધારવું એવું છે કે ત્રીજી વખત હુઝૂરે એવું કહ્યું કે ત્યાં ઝલ્ઝલા અને ફિત્નો છે ! અને ત્યાંથી શૈતાનનું શીંગડું નીકળશે ! *(બુખારી)*

હુઝૂરના ફર્માનના પ્રમાણે જ થયું કે નજદથી વહાબી પેદા થયા અને એમણે ઈસ્લામમાં ઝલ્ઝલા નાખી દીધા અને મુસલમાનોને ફિત્નામાં દાખલ કરી દીધા.

**(૧૬) હદીષ** :– હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم થી મરવી છે કે મેં રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم





થી સાંભળ્યું, ફર્માવે છે કે અબ્દાલ શામમાં હોય છે અને એ ચાલીસ મર્દ છે, અલ્લાહ તઆલા એમની જગા પર બીજાને કાયમ કરે છે. એમના લીધે વરસાદ વરસાવે છે, એમના સદકામાં દુશ્મનો પર મદદ મળે છે, એમની બરકતથી શામવાળાઓ પરથી અઝાબ દૂર કરવામાં આવે છે.

આ હદીષથી જણાયું કે ઔલિયા તથા ખુદાના મકબૂલ બંદાઓના સદકામાં અલ્લાહ તઆલા દુનિયાવાળાઓની હાજતો પૂરી કરે છે. *(અહમદ)*

**(૧૭) હદીષ** :– હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જન્નતમાં દાખલ થશે મારી ઉમ્મતમાંથી સીત્તેર ૭૦ હજાર બેહિસાબ (વિના હિસાબે !) આ તે લોકો છે જેઓ ન મંત્ર કરાવે અને ન અપશુકન માને અને પોતાના પર ભરોસો રાખે છે.

આ હદીષથી સાબિત થયું કે બંદાના માટે અલ્લાહ પર ભરોસો બેહતર છે. અને **અપશુકન વિશે માનવાથી મુસલમાને બચવું જોઈએ.** અને જે મંત્રમાં શિર્કના શબ્દો





હોય તે તો મુસલમાન બોલી શકતો જ નથી, જેના શબ્દોનો હાલ ખબર ન હોય એનાથી પણ બચવું જરૂરી છે. હા ! જેમાં કોઈ શબ્દો નાજાઈઝ ન હોય એમાં વાંધો નથી. કાફિરોથી મંત્ર કરાવવું મના છે, જે લોકો જોગીઓ, માલીઓ, ખાલપા વગરેથી મંત્ર કરાવે છે, તે સખત ગુનેહગાર થાય છે. મુસ્લિમ શરીફની એક રિવાયતમાં એવું પણ આવ્યું છે કે સિત્તર હજાર માણસો બે હિસાબ જન્નતમાં દાખલ થશે, એમાંથી દરેકની સાથે (અન્ય) સિત્તર હજાર માણસો હશે, એ હિસાબથી જન્નતમાં બેહિસાબ દાખલ થવાવાળા પાંચ અબજ લગભગ થયા. *(બુખારી, મુસ્લિમ)*

**(૧૮) હદીષ** :– સોહૈબ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે મુસલમાનનો હાલ અજબ છે. બેશક ! એના તમામ હાલો બેહતર છે. અને એ મુસલમાન સિવાય કોઈને મળ્યા નથી. જો તેને ખુશી મળે તો શુક્ર અદા કરે છે તો એ એના માટે બેહતર છે અને જો રંજ પહોંચે તો સબર કરે છે, તો એ એના માટે બેહતર છે.

એટલે કે મુસલમાન રાહત અને તકલીફ, ખુશી અને





ગમ દરેક વખતે અલ્લાહ તઆલાને યાદ કરે છે. *(મુસ્લિમ)*

**(૧૯) હદીષ** :– હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવતા હતા, જો તમે અલ્લાહ તઆલા પર ભરોસો કરો જેવો કે એના પર ભરોસો કરવાનો હક્ક છે, તો જરૂર તમને રોજી આપશે જેવી રીતે પક્ષીઓને રોજી આપે છે કે તેઓ સવારે ભૂખ્યાં નીકળે છે અને સાંજે ધરાઈને પાછાં ફરે છે.

માટે જોઈએ કે બંદો અલ્લાહ પર ભરોસો કરે અને એના ફઝ્લ પર સંપૂર્ણ ઈત્મિનાન રાખે. *(તિર્મિઝી)*

**(૨૦) હદીષ** :– હઝરત સઅદ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે માણસની ભલાઈ એમાં છે કે અલ્લાહે એના માટે જે નસીબમાં લખ્યું છે તેના પર રાજી રહે, અને માણસની કમનસીબીમાંથી છે કે એનું અલ્લાહ તઆલાથી ભલાઈ માંગવાનું છોડી દેવું એ ચીજથી કે જે અલ્લાહ તઆલાએ એના નસીબમાં ઠરાવી.

એટલે કે બંદાએ કઝાએ ઈલાહીથી (અલ્લાહના મુકદ્દર કરેલાથી) રાજી રહેવું અને અલ્લાહ તઆલાથી

ભલાઈ માંગતા રહેવું જોઈએ. અને ઈસ્તેખારા (કરવું) જેવું કે હદીષમાં આવ્યું છે તે સુન્નત છે. *(અહમદ, તિર્મિઝી)*

**(૨૧) હદીષ** :– હઝરત અલી મુર્તઝા كرم الله تعالىٰ وجهه الكريم થી મરવી છે કે રસૂલે ખુદા صلى الله تعالىٰ عليه وسلم એ ફર્માવ્યું કે, હે અલી ! ત્રણ વસ્તુઓમાં મોડુ ન કરો, (૧) નમાઝ કે જ્યારે એનો સમય થાય (૨) જનાઝા કે જ્યારે હાજર હોય (૩) અપરણિત સ્ત્રીને પરણાવવામાં જ્યારે તેમને એના યોગ્ય રિશ્તો મળે.

આ હદીષથી સાબિત થયું કે નમાઝને મુસ્તહબ વખતથી કારણ વગર મોડુ ન કરવું જોઈએ, અને જ્યારે જનાઝો આવે અને મકરૂહ સમય ન હોય તો એમાં કારણ વગર મોડુ ન કરો, અને ઔરતના માટે જ્યારે યોગ્ય ઠેકાણુ મળતુ હોય તો નિકાહમાં મોડુ ન કરે. *(તિર્મિઝી)*

**(૨૨) હદીષ** :– હઝરત અનસ رضي الله عنه થી મરવી છે કે રસૂલે ખુદા صلى الله تعالىٰ عليه وسلم એ ફર્માવ્યું, ઔરત જ્યારે પાંચ વખતની નમાઝ પઢે અને પોતાના શૌહરની ફર્માંબરદારી કરે તો જન્નતના જે દરવાજાથી ઈચ્છે દાખલ થાય. *(અબૂ નુઈમ)*





**(૨૩) હદીષ** :– હઝરત ઉષ્માન رضي الله عنه થી મરવી છે કે રસૂલે ખુદા صلى الله تعالىٰ عليه وسلم એ ફર્માવ્યું, જેણે ઈશાની નમાઝ જમાઅતની સાથે પઢી જાણે એણે અડધી રાત ઈબાદતમાં પસાર કરી, અને ફજરની નમાઝ જમાઅતની સાથે પઢી તો જાણે એણે આખી રાત નમાઝમાં પસાર કરી. *(મુસ્લિમ)*

**(૨૪) હદીષ** :– હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી મરવી છે કે રસૂલે ખુદા صلى الله تعالىٰ عليه وسلم એ ફર્માવ્યું, માણસનો દરેક નેક અમલ વધારવામાં આવે છે, એક નેકી દસ ગણીથી સાતસો ગણી સુધી. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, રોઝા સિવાય કે એ ખાસ મારા માટે છે, અને હું પોતે એનો બદલો આપીશ કે બંદો ખાસ મારા માટે જ પોતાની ઈચ્છા અને પોતાનું ખાવાનું છોડી દે છે. રોઝદાર માટે બે ખુશીઓ છે, એક રોઝો ખોલતી વખતે અને એક ખુશી રબના દીદારના સમયે. *(બુખારી તથા મુસ્લિમ)*

આ હદીષથી જણાયું કે રોઝાનો બદલો અંદાઝ અને ધારણાથી વધારે છે અને પરવરદિગાર એ બદલો પોતે આપશે, ફરિશ્તાઓને નહીં સોંપે. રોઝદારને રોઝો ખોલતી





વખતે તો એ ખુશી થાય છે કે ફર્ઝની અદાયગી અલ્લાહ તઆલાના ફઝલથી સારી રીતે નસીબ થઈ, અને દીદારે ઈલાહથી જે ખુશી થશે અનો અંદાઝ શકય નથી.

**(૨૫) હદીષ** :– હઝરત ઈબ્ને ઉમર رضي الله عنه થી મરવી છે કે એક મર્દ રસૂલે ખુદા صلى الله تعالىٰ عليه وسلم ની ખિદમતમાં હાજર થયો અને એણે કહ્યું, યા રસૂલલ્લાહ ! કઈ ચીજ હજજને વાજિબ કરે છે ? ફર્માવ્યું, સફરનો સામાન અને સફર માટે સવારી. *(તિર્મિઝી, ઈબ્ને માજહ્)*

અર્થ એ થયો કે હજજના ફર્ઝ હોવાની શર્ત સફરનો સામાન અને સફર માટે સવારી મયસ્સર થાય તે હજજ ફર્ઝ થઈ જાય છે.

**(૨૬) હદીષ** :– હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી મરવી છે કે રસૂલે ખુદા صلى الله تعالىٰ عليه وسلم એ ફર્માવ્યું, જે અલ્લાહના માટે હજજ કરે અને પત્નીઓથી સોહબત તથા સોહબતની વાત ન કરે અને ન ગુનોહ કરે તો એ પાછો આવશે ત્યારે એવો હશે જેવો કે એ દિવસની જેમ કે એની માએ જન્મ આપ્યો હતો, એટલે કે ગુનાહોથી પાક. *(બુખારી વ મુસ્લિમ)*





**(૨૭) હદીષ** :– હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી મરવી છે કે રસૂલે ખુદા صلى الله تعالىٰ عليه وسلم એ ફર્માવ્યું, એક ઉમરહ બીજા ઉમરહ સુધીનો કફ્ફારો છે, એ ગુનાહના માટે જે એના દરમિયાન થયો અને હજજે મકબૂલની જઝા (બદલો) જન્નત છે. *(બુખારી વ મુસ્લિમ)*

**(૨૮) હદીષ** :– હઝરત ઉમ્મે સલ્મા رضي الله عنها થી મરવી છે કે રસૂલે ખુદા صلى الله تعالىٰ عليه وسلم એ ફર્માવ્યું, જો ઔરત એ હાલતમાં મૃત્યુ પામે કે એનો પતિ એનાથી રાજી હતો, તો એ જન્નતમાં દાખલ થઈ. *(તિર્મિઝી)*

**(૨૯) હદીષ** :– અબ્દુલ મલિક બિન ઉમૈરથી મુરસલન મરવી છે કે રસૂલે ખુદા صلى الله تعالىٰ عليه وسلم એ ફર્માવ્યું કે, સૂરતે ફાતેહામાં દરેક બીમારીથી શિફા છે. *(દારમી, બૈહકી, શોઅબુલ ઈમાન)*

**(૩૦) હદીષ** :– અતા બિન અબી રબાહથી મરવી છે, મને ખબર મળી છે કે રસૂલે ખુદા صلى الله تعالىٰ عليه وسلم એ ફર્માવ્યું કે, જે દિવસની શરૂઆતમાં **'સૂરએ યાસીન પઢે'** એની હાજતો પૂરી કરવામાં આવે છે. *(દારમી)*

(૩૧) હદીષ :– હઝરત ઈબ્ને મસઊદ رضي الله عنه થી

મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જે માણસ સૂરએ વાકિઅ્ત દરરોજ રાત્રે પઢે એને મોહતાજી નહીં આવે અને હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ એમની બેટીઓને કહેતા હતા કે આ સૂરત દરરોજ રાત્રે પઢવામાં આવે.

*(બૈહકી, શોઅબુલ ઈમાન)*

**(૩૨) હદીષ** :– હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે ઔરતનો શૌહર જ્યારે હાજર હોય ત્યારે એ રમઝાનના સિવાય નફ્લ રોઝા એની રજા વગર ન રાખે. *(તિર્મિઝી)*

**(૩૩) હદીષ** :– હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન રાખે છે તો પોતાના પડોશીને ન સતાવે. અને જે અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન રાખે છે તે પોતાના મેહમાનની ઈજ્જત કરે, અને જે અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન રાખે છે તે નેક વાત કહે અથવા ચૂપ રહે. *(બુખારી)*

**(૩૪) હદીષ** :– હઝરત જાબિર رضی اللہ عنہ થી મરવી છે એમણે કહ્યું કે, મેં જોયું કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ





આપ હજ્જે વિદાઅમાં અરફાના દિવસે આપ પોતાની ઊંટણી કસવા પર સવાર થઈ ખુત્બો ફર્માવ્તા હતા. તો મેં આપને સાંભળ્યા કે ફર્માવે છે, હે લોકો ! મેં તમારામાં એ ચીજ છોડી છે કે એને પકડી રાખો તો કદી ગુમરાહ નહીં થાવ, અલ્લાહની **કિતાબ** અને મારી **એહલે બૈત**.

આ હદીષથી જણાયું કે મુસલમાન પર કુર્આને કરીમની પૈરવી અને અહલે બૈતે રિસાલતની મહોબ્બત અને ફર્માબરદારી જરૂરી છે. *(તિર્મિઝી)*

**(૩૫) હદીષ** :– જરીર બિન અબ્દુલ્લાહથી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, અલ્લાહ તઆલા એના પર રહમ નથી કરતો જે માણસ પર રહમ ન કરે. *(બુખારી)*

**(૩૬) હદીષ** :– હઝરત ઈબ્ને અબ્બાસથી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ચાર વસ્તુઓ છે જે એનાથી નવાજવામાં આવ્યો એ દુનિયા અને આખેરતની ભલાઈથી નવાજવામાં આવ્યો : (૧) શુક્ર કરનારુ દિલ (૨) ઝિક્રે ઈલાહી કરવાવાળી જબાન (૩) મુસીબત પર સબ્ર કરવાવાળો (૪) એ પત્ની જે પોતાની જાન અને





માલમાં ખયાનત ન કરે. *(બૈહકી, શોઅબુલ ઈમાન)*

**(૩૭) હદીષ** :– હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જન્નતમાં પ્રવેશ નહીં થાય, ફસાદી અને કંજૂસ અને એહસાન દેખાડવાવાળો *(તિર્મિઝી)*

**(૩૮) હદીષ** :– હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ પાણીના વાસણમાં □ાસ લેવાની અને ફૂંક મારવાની મનાઈ કરી છે. *(તિર્મિઝી)* કેમ કે બની શકે છે કે એનાથી મોં અથવા નાકની રતુબત (લીંટ) પાણીના વાસણમાં જાય.

**(૩૯) હદીષ** :– હકીમ બિન મઆવિયહ્ કસીરી એમના વાલિદથી રિવાયત કરે છે, એમણે કહ્યું, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમારા લોકો પર પત્નીઓનો શો હક્ક છે ? ફર્માવ્યું, એને ખવડાવે જ્યારે તુ ખાય, એને પહરાવે જ્યારે તુ પહેરે, અને ચેહરા પર ન માર અને બુરુ ન કહે અને જુદાઈ ન કર પણ ઘરમાં.

એટલે કે ખાવા પીવામાં પોતાની શક્તિ પ્રમાણે વર્તવું અને જુલ્મ કરવાથી દૂર રહેવું, ચહેરા પર કદી પણ ન





મારવું, પણ જો તેણી ફર્ઝોને છોડે અથવા અદબ શીખવાડવા માટે મારવાની જરૂરત પડે તો પણ ચેહરા પર ન મારે અને બુરી વાતો ન કહે, ગાળો ન બોલે અને જો ચેતવણી માટે એનાથી અલગ રહેવા ચાહે તો એવું ન કરે કે ઘરને જ છોડી દે, કારણ કે એ મસ્તેહતની વિરુધ્ધ છે. *(અહમદ, અબૂદાઊદ, ઈબ્ને માજહ્)*

**(૪૦) હદીષ** :– હલાલ એ છે જેને અલ્લાહ તઆલાએ પોતાની કિતાબમાં હલાલ કહ્યું, અને હરામ એ છે કે જેને અલ્લાહ તઆલા પોતાની કિતાબમાં હરામ કહ્યું. અને જેના વિશે મૌન ધારણ કર્યું કે તે એ થોડામાંથી જેને માફ કર્યું.

આ હદીષથી દીનની મહાન અસ્લ સાબિત થઈ જેનાથી હજારો મસ્અલાઓ હલ થાય છે, તે એ કે શરીઅતમાં જે વાતનું ચોખ્ખુ બયાન ન હોય અને એના વિશે મૌન રાખવામાં આવેલ હોય એના પર શરીઅતની પકડ (પૂછતાછ) નથી, એ **મુબાહ** છે. *(–તિર્મિઝી)*

સર્વ ફકીહો એ વાતથી સંમત છે કે જ્યાં સુધી શરીઅતમાં કોઈ ચીજ બાબતે મનાઈ આવેલી ન હોય તો

તે મુબાહ રહેશે અને તેને મના તથા નાજાઈઝ કહેવું શરીઅત પર આક્ષેપ ગણાશે. એ જ પ્રમાણે બહરુર્રાઈક તથા રદુલ મુહતાર, પેજ–૪૫૫ માં છે, કોઈ દલીલ વિના જે લોકો ગમે તે ચીજને હરામ કે મકરૂહ કહે છે તેઓ હકીકતમાં નવી શરીઅત ઘડે છે અને અલ્લાહ પર આક્ષેપ બાંધે છે. (અલ્લાહની પનાહ !)





## ★ મૈંને રુખ કર લિયા મદીનેકા ★

કયા બિગાળે કોઈ સફીનેકા
મૈંને રુખ કર લિયા મદીનેકા

જાનિબે નાર મૈં ન જાઊંગા
મૈંને રુખ કર લિયા મદીનેકા

અપની ઉલ્ફતકા જામ દો મુઝકો
મસ્ત કર દો મુઝે મદીનેકા

ચશ્મે રહમત પળી હે મુઝ પર ભી
લુત્ફ આએગા અબ તો જીનેકા

કૈસે કહ દૂં કે બે સહારા હૂં
મુઝકો આકા મિલા મદીનેકા

અબ્રે રહમતકો અબ બરસને દો
ધુલ હી જાએગા દાગ સીનેકા

હે યહી વિર્દે 'શાકિરે રઝવી'
મૈંને રુખ કર લિયા મદીનેકા

☆ ☆ ☆ ☆





## ★ મદીનેમેં બુલાયા મુઝકો ★

મેરે આકાને મદીનેમેં બુલાયા મુઝકો
સાયએ ગુંબદે ખઝરામેં બિઠાયા મુઝકો

હે અતાઓં પે અતાએં હે કરમ હી પે કરમ
માહે રમઝાં ભી મદીનેમેં દિખાયા મુઝકો

દિલ બેચૈન તળપતા થા હુઝૂરીકો હુઝૂર
તસ્કીને કલ્બકો તયૂબહમેં બુલાયા મુઝકો

ઝોલિયાં ભરતે હો સબકી મેરે આકા હર દમ
આલિમો આમિલે કુર્આન બનાના મુઝકો

સદકા સિદ્દીકો ઉમર ઔર હો ઉષ્માનો અલી
ગમે દુન્યા ગમે ઉકબાસે બચાના મુઝકો

'શાકિરે રઝવી'કો તયૂબહ્ તો દિખાયા લેકિન
વકતે રુખસત રુખે ઝૈબા ભી દિખાના મુઝકો

☆ ☆ ☆ ☆





## ★ મદીનેમેં બુલાયા મુઝકો ★

અઝ : અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી
**હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી સાહબ**

મેરે આકાને મદીનેમેં બુલાયા મુઝકો
સાયએ ગુંબદે ખઝરામેં બિઠાયા મુઝકો

હે અતાઓં પે અતાએં હે કરમ હી પે કરમ
માહે રમઝાં ભી મદીનેમેં દિખાયા મુઝકો

દિલ બેચૈન તળપતા થા હુઝૂરીકો હુઝૂર
તસ્કીને કલ્બકો તયૂબહમેં બુલાયા મુઝકો

ઝોલિયાં ભરતે હો સબકી મેરે આકા હર દમ
આલિમો આમિલે કુર્આન બનાના મુઝકો

સદકા સિદ્દીકો ઉમર ઔર હો ઉષ્માનો અલી
ગમે દુન્યા ગમે ઉકબાસે બચાના મુઝકો

'શાકિરે રઝવી'કો તયૂબહ્ તો દિખાયા લેકિન
વકતે રુખસત રુખે ઝૈબા ભી દિખાના મુઝકો

☆ ☆ ☆ ☆